ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૫૦/૨૨–૨૩/4164 તારીખ : 27 DEC 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૫૦/૨૨–૨૩

પ્રતિ,
**શ્રી કીડેચા બચુભાઈ સામતભાઈ,**
**મું.પડાપાદર,**
**તા.ઉના,**
**જી.ગીર સોમનાથ,**

**મો.નં– ૯૯૦૯૬ ૨૩૭૧૧**

**વિષય : સોલાર હોમલાઈટ સીસ્ટમ ખરાબ થઈ જવા અંગે.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૪/૦૮/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૫/૦૯/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૦/૨૨–૨૩/૩૦૮૭ તા.૨૬/૦૯/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૦/૨૨–૨૩/૩૭૫૪ તા.૧૯/૧૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૯/૧૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ધોકડવા.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૦/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી કીડેચા બચુભાઈ સામતભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૦૯/૧૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી કીડેચા બચુભાઈ સામતભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી આર.એસ.ડાભી, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ધોકડવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કીડેચા બચુભાઈ સામતભાઈ, મું.પડાપાદર,તા.ઉના, જી.ગીર સોમનાથની સોલાર હોમલાઈટ સીસ્ટમ ખરાબ થઈ જવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૦/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૦/૨૨–૨૩/૩૦૮૭ તા.૨૬/૦૯/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૯/૧૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી કીડેચા બચુભાઈ સામતભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી આર.એસ.ડાભી, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ધોકડવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી બચુભાઈ સામતભાઈ કીડેચા, મું.પડાપાદર, તા.ગીર ગઢડા દ્વારા કરવામાં આવેલ ફરીયાદમાં જણાવ્યા મુજબ વાદીની તોકતે વાવાઝોડાના કારણે સૌર ઉર્જા હોમલાઈટ ખરાબ થયેલ છે તેવી રજૂઆત કરેલી.

૧.૨ જે હજુ સુધી સોલારની કોસોલ એનર્જી એજન્સી દ્વારા રીપેર થયેલ નથી.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય ઉપરોકત વાદીશ્રી ની રજૂઆત ના અનુસંધાને જણાવવાનું કે, સદર બાબતે નાયબ ઈજનેરશ્રી, ધોકડવા ના સંદર્ભ પત્ર નં–૪ માં જણાવ્યા મુજબ વાદીશ્રીની સોલાર હોમ લાઈટ તોકતે વાવાઝોડા દરમ્યાન ખરાબ થયેલ જે કોસોલ એનર્જી લીમીટેડ દ્વારા વારંવાર રજૂઆત થતા રીપેર કરી આપેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૨ વધુમાં તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ અત્રેના તાબા હેઠળની ધોકડવા પેટા કચેરીના અધિકારીશ્રી દ્વારા સ્થળ તપાસની કરેલ જે દરમ્યાન ઉપરોકત કોસોલ એનર્જી ની ચાર પ્લેટ જોવા મળેલ. જેમાંથી બે પ્લેટ ડેમેજ તેમજ કંટ્રોલ સીસ્ટમ તેમજ બેટરી ડેમેજ હાલતમાં જોવા મળેલ.

૨.૩ આમ, સંપૂર્ણ સીસ્ટમની સ્થિતિ બંધ માલૂમ પડેલ. જેની જાણ વારંવાર કોસોલ એનર્જી પ્રા.લી.ને ટેલીફોનીક કરેલ. તેમજ અગાઉ તા.૨૯/૧૦/૨૦૨૨ ના રોજ સોલાર હોમ લાઈટ પોર્ટલમાં પણ કમ્પ્લેઈન રજીસ્ટર કરેલ. જેનો કોસોલ એનર્જી પ્રા.લી.દ્વારા આજદિન સુધી નિકાલ કરવામાં આવેલ નથી.

૨.૪ તેમજ ઉપરોકત ફરીયાદ તેમજ ધોકડવા પેટા કચેરીની અન્ય બે ફરીયાદ માટે અત્રેની વિભાગીય કચેરી દ્વારા અધિક્ષક ઈજનેરશ્રી ને પણ ઉપરોકત સંદર્ભ પત્ર–૪ થી તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ જાણ કરેલ.

૨.૫ આમ, કોસોલ એનર્જી પ્રા.લી.દ્વારા ઉપરોકત કોઈ ફરીયાદનું નિરાકરણ કે નિયત સમય મર્યાદામાં સમારકામ કરેલ નથી. જેના લીધે આજદિન સુધી વાદીશ્રી તેમજ અન્ય ૨ સોલાર હોમલાઈટની ફરીયાદોનું નિરાકરણ આવેલ નથી.

<u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ વાદીશ્રી બચુભાઈ સામતભાઈ કીડેચા, મું.પડાપાદર, તા.ગીર ગઢડા દ્વારા કરવામાં આવેલ ફરીયાદમાં જણાવ્યા મુજબ વાદીની તોકતે વાવાઝોડાના કારણે સૌર ઉર્જા હોમલાઈટ ખરાબ થયેલ છે જે સોલારની કોસોલ એનર્જી એજન્સી દ્વારા રીપેર ન કરી આપવા બાબતની રજૂઆત કરેલી.

3.૨ આજરોજ તા. ૦૯.૧૨.૨૨ ની સુનાવણી દરમ્યાન્ બંને પક્ષોએ હાજર રહી રજૂઆત કરેલ છે.

3.3 આ તબક્કે ફોરમને જણાય છે કે વાદીની સોલાર હોમલાઈટ વાવાઝોડા દરમ્યાન ખરાબ થઇ જવાની બાબતને લઇને પ્રતિવાદીની કચેરી દ્વારા પણ સોલાર કંપની ને ફરિયાદ કરેલ છે પણ વાદીની ફરિયાદનો નિકાલ થયેલ નથી. આથી, પ્રતિવાદીની કચેરીને સોલાર કંપની સાથે થયેલ કરાર મુજબની કાર્યવાહી કરવા, ૧૫ દિવસની સોલાર કંપનીને નોટીસ પાઠવી વાદીનું ફરિયાદનું નિરાકરણ લાવવા અન્યથા પેનલ્ટી બેંક ગેરેન્ટીમાંથી વસુલવા અંગેની કાર્યવાહી કરી દિવસ -૭ માં ફોરમને જાણ કરવા હુકમ કરવામાં આવે છે.

<u>**–:: હુકમ ::–**</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.3 " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (sd/-) | (ગેરહાજર) | (sd/-) |
| **(શ્રીમતી જે.એમ.મહેતા)** | **(એન.આઈ.ઉપાધ્યાય)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૦૯/૧૨/૨૦૨૨.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar